# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-09-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## સેવા સંકલ્પ અભિયાન – PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સેવા સંકલ્પ અભિયાન હેઠળ વડનગરથી વારાણસી સુધીની સેવા યાત્રાના સહભાગીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરશે.

પ્રધાનમંત્રી સાથેની વાતચીત સેવા યાત્રીઓને યાત્રાના તેમના અનુભવો શેર કરવાની તક આપશે, જેનો હેતુ ટીમો દ્વારા આવરી લેવામાં આવેલા સ્થળોએ યુવાનોની ભાગીદારી અને સમુદાય સેવાને જોડવાનો છે. સેવા યાત્રા 17 સપ્ટેમ્બરના રોજ શરૂ થઈ હતી અને તે પીએમ મોદીના 25 વર્ષના જાહેર જીવનને પ્રકાશિત કરવા માટે વ્યાપક 'સેવા સંકલ્પ અભિયાન'નો એક ભાગ છે. સહભાગીઓ શહેરો, જિલ્લાઓ, તાલુકાઓ અને ગામડાઓમાંથી મુસાફરી કરી રહ્યા છે, જેમાં કાર્યક્રમ સમુદાય સેવા અને જાહેર જોડાણ પ્રવૃત્તિઓને પાયાના સ્તરે લઈ જવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**---------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ ગુજરાત મુલાકાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વર્તમાન સમયમાં આર્થિક વિકાસની સાથે માનવીય વિકાસની જરૂરિયાત પર ભાર આપ્યો. વડોદરામાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના વૈશ્વિક આધ્યાત્મિક સાધના કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યા બાદ સંબોધન કરતાં સુશ્રી મુર્મૂએ કહ્યું,

આપણને એવી યુવાશક્તિની જરૂર છે, જે પ્રામાણિકતા, જવાબદારી, કરુણા, સહઅસ્તિત્વ અને દેશભક્તિથી પ્રેરિત હોય. તેમણે ઉમેર્યું કે, ભારતે વિશ્વને યોગ, ધ્યાન, અહિંસા, કરુણા અને વસુધૈવ કુટુંબકમ્ જેવા આદર્શ આપ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે યુવાનોના પ્રયાસો 2047 પહેલા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવશે. રાષ્ટ્રપતિએ ગઇકાલે વડોદરામાં મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટીના 75મા દીક્ષાંત સમારોહમાં આ નિવેદન આપ્યું હતું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે દરેક ક્ષેત્રમાં ટેકનોલોજીકલ પરિવર્તન થઈ રહ્યાંઇ છે. તેમણે વિદ્યાર્થીઓને નવી AI ટેકનોલોજી, ઇન્ટરનેટ અને ડેટાનો યોગ્ય ઉપયોગ કરવા વિનંતી કરી.

---

## સેવા સંકલ્પ અભિયાન – શ્રેણી : સાગરમાલા

***છે.***

***(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સાર્વજનિક સેવાના ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્ય સાથે સરકાર સમાવેશી વિકાસ માટે કાર્યરત છે. આકાશવાણી સમાચારની 'સેવા સંકલ્પ અભિયાન' શ્રેણી અંતર્ગત આજે વાત કરીશું સાગરમાલા પ્રોજેક્ટ વિશે.)***

(વોઇસ કાસ્ટ : પરેશ મારૂ)

*દેશના દરિયાકાંઠાને આર્થિક વિકાસનું પાવરહાઉસ બનાવવા માટે વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી 'સાગરમાલા' યોજનાના માધ્યમથી દેશના દરિયાઈ ક્ષેત્રમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ યોજના અંતર્ગત બંદરોનું આધુનિકીકરણ, રોડ-રેલ કનેક્ટિવિટી, પોર્ટ-આધારિત ઔદ્યોગિકીકરણ, દરિયાકાંઠાના સમુદાયોનો વિકાસ અને આંતરિક જળમાર્ગોના મહત્તમ ઉપયોગ પર કામ કરવામાં આવી રહ્યું છે.*

*આ મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ અત્યાર સુધીમાં ₹૬.૦૬ લાખ કરોડના ૮૪૫થી વધુ પ્રોજેક્ટ્સની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી ૩૧૫ પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યા છે. આ સુધારાઓના કારણે બંદરોની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે; પરિણામે વર્ષ ૨૦૧૪માં જહાજોનો સરેરાશ ટર્નઅરાઉન્ડ ટાઈમ એટલે કે આવાગમનનો સમય ૯૬*

*કલાક હતો, જે ઘટીને વર્ષ ૨૦૨૫માં આશરે ૪૯ કલાક થઈ ગયો છે. આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના લીધે આજે ભારતના ૯ મોટા બંદરો વિશ્વના ટોચના ૧૦૦ બંદરોમાં સ્થાન ધરાવે છે અને કોસ્ટલ શિપિંગમાં પણ મોટો વધારો નોંધાયો છે.*

*દેશના કુલ વેપારમાંથી ૯૫ ટકા વેપાર જથ્થા દ્વારા અને આશરે ૭૦ ટકા વેપાર તેના મૂલ્ય દ્વારા દરિયાઈ માર્ગે જ થતો હોવાથી આ ક્ષેત્રનું મહત્વ ઘણું વધારે છે. આ જ કારણ છે કે ભારતની મુખ્ય બંદર ક્ષમતા વર્ષ ૨૦૧૪ના ૮૭૩ મિલિયન ટન પ્રતિ વર્ષથી વધીને વર્ષ ૨૦૨૬માં ૧,૭૨૮ મિલિયન ટન પ્રતિ વર્ષ) પર પહોંચી ગઈ છે, જે સીધી બમણી વૃદ્ધિ દર્શાવે છે. આમ, સાગરમાલા પ્રોજેક્ટ આજે ભારતની દરિયાઈ શક્તિને વેપાર, રોજગાર અને આર્થિક વૃદ્ધિના મુખ્ય એન્જિનમાં રૂપાંતરિત કરી રહ્યો છે.*

પરેશ મારૂ, આકાશવાણી સમાચાર ભુજ

---------------------------------------------------------------------------------

## રાજ્યમંત્રી મંડળની બેઠક

ગાંધીનગરમાં ગઇકાલે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યમાં વરસાદ ન થયો હોય તેવા જિલ્લાઓની સ્થિતિ, રાજ્યમાં વાવેતર અને જિલ્લાઓમાં સિંચાઈના પાણી અને વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ચાલી રહેલા વિવિધ કાર્યો અને રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષય અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

---------------------------------------------------------------------------------

## જાહેરક્ષેત્રની બેંક ખુલ્લી રહેશે

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની બૅન્ક અને પ્રાદેશિક ગ્રામીણ બૅન્ક આગામી 27 તારીખે રવિવારે ખૂલ્લી રહેશે. યુનાઈટેડ ફૉરમ ઑફ બૅન્ક યુનિયન્સ – UFBU દ્વારા 28થી 30 સપ્ટેમ્બર દરમિયાન પ્રસ્તાવિત ત્રણ દિવસની દેશવ્યાપી બૅન્ક હડતાળને ધ્યાને રાખી આ નિર્ણય કરાયો છે. ભારતીય રિઝર્વ બૅન્ક – RBI-એ તમામ બૅન્ક

શાખાઓ, કચેરીઓ, એટીએમ લિન્ક શાખાઓને 27 સપ્ટેમ્બરે પૂર્ણરીતે કાર્યરત્ રહેવાની મંજૂરી આપી છે.

---------------------------------------------------------------------------------------

## નરસિંહ મહેતા એવોર્ડ

આધકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ જુનાગઢ દ્વારા પ્રતિવર્ષ અપાતો નરસિંહ મહેતા એવોર્ડ વર્ષ 2026 માટે કચ્છના જાણીતા સર્જક રમણીક સોમેશ્વરને જાહેર કરાયો છે.

---------------------------------------------------------------------------------------